તમારો પ્રેમ એ જ ઇશ્વરને ધરાવાયેલો સર્વશ્રેષ્ઠ નૈવેદ્ય છે

- સ્વામિ વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૭ | ૧૮ ઓક્ટોબર, ૨૦૧૪, શનિવાર ; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## શહેરી ક્ષેત્રને ‘લિવેબલ’ સાથે ‘લવેબલ’ બનાવાશે : આનંદીબેન

### મહાત્મા મંદિર ખાતે અર્બન ડિઝાઈન એન્ડ પ્લાનીંગ સેમિનારનો મુખ્યમંત્રી દ્વારા શુભારંભ

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વધતા જતા વૈશ્વિક શહેરીકરણના સુદઢ ભાવિ વિકાસની સાતત્યપૂર્ણ અને સર્વગ્રાહી બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરવાનું આહવાન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે ‘અર્બન ડિઝાઈન એન્ડ પ્લાનિંગ, લૂકિંગ એટ સ્માર્ટર ઓપ્શન’ વિષયક સેમિનારનો મહાત્મા મંદિરમાં પ્રારંભ કરાવ્યો હતો.




વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ ના પૂર્વાધરૂપે શહેરી વિકાસ વિભાગે આ સેમિનારનું આયોજન કર્યું હતું. આ સેમિનારમાં ભારતભરના શહેરી આયોજન તજજ્ઞો ઉપરાંત અમેરિકા, યુનાઈટેડ આરબ અમિરાત્સ, જર્મની અને ડેન્માર્ક-ઓસ્ટ્રેલિયાના તજજ્ઞો ભાગ લઈ રહ્યા છે.

શહેરી આયોજન, વિકાસ અને શહેરી સુખાકારીની ગતિવિધિઓમાં શહેરીકરણના બહુવિધ પડકારોને અવસરમાં પલટાવી અર્બન ડિઝાઈન-પ્લાનીંગ ક્ષેત્રના તજજ્ઞો-વ્યવસાયિકો વિકાસની આ નવી દિશાના વૈશ્વિક દ્વાર ખોલવા સમૂહ વિચારમંથન કરે તેવું પ્રેરક સુચન પણ તેમણે કર્યું હતું.

શ્રીમતી આનંદીબહેને આ સંદર્ભમાં ભવિષ્યનું શહેરી આયોજન ટેકનોલોજી અને સ્માર્ટ પ્લાનિંગ વિઝન સાથે પર્યાવરણીય જાળવણી, જાહેર સુખાકારી-સુવિધામાં વૃદ્ધિ અને સુશાસન તથા ઈન્ફરમેશન ટેકનોલોજીના મહત્તમ વિનિયોગ સાથે કરવાની હિમાયત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સામાન્ય નાગરિકને કેન્દ્રસ્થાને રાખી શહેરી સુખાકારીની આ સમગ્ર આયોજન પ્રક્રિયા અને વિચારમંથનની આવશ્યકતા સમજાવતાં કહ્યું કે, આપણા શહેરો માત્ર ‘લિવેબલ’ જ નહીં, શહેરી ક્ષેત્રને ‘લવેબલ’ બનાવવાનું ધ્યેય રાખ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



જય હનુમાન - ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે પ્રસિદ્ધ ડભોડીયા હનુમાનના મંદિરે હનુમાન ભક્ત દ્વારા હીરાજડિત મુગટ હનુમાનજીને ભેટ ધરી ધન્યતા અનુભવી હતી. અમદાવાદના ભાવિકે અઢી લાખની કિંમતનો રત્નજડિત મુગટ દાદાના શિરે શોભાવ્યો ત્યારે સૌના હૃદયમાં ધન્યતાનો ભાવ સર્જાયો હતો. ધનતેરસથી ડભોડિયા હનુમાન ખાતે પરંપરાગત મેળો ભરાશે. હજારો ભાવિકો મેળામાં ઉમટે છે અને દાદાના દર્શન કરી પાવન થાય છે... (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## શહેરમાં ધીમા પગલે શિયાળાનું આગમન

### દિવસે ગરમી અને રાત્રે ઠંડકનો થતો અહેસાસ : ગરમ વસ્ત્રો બજારમાં વેચાણ માટે આવી ગયા છે

ગાંધીનગર, તા.૧૭

છેલ્લા ઘણા દિવસોથી આકરા તાપ અને ગરમીની ફરિયાદ કરતા વસાહતીઓ માટે હવે હરખનો સમય આવ્યો છે. ગાંધીનગરમાં ધીમા પગલે શિયાળાનું આગમન થઈ રહ્યું હોય તેવું વાતાવરણ સર્જાયું છે. લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સુધી પહોંચી ગયું છે.

આ વર્ષે લગભગ બધી જ સીઝન મોડી શરુ થઈ છે. તે પ્રમાણે જ શિયાળો નવરાત્રની આસપાસ શરૂ થઈ જવો જોઈએ તેની જગ્યાએ છેક હવે દિવાળીની નજીક શિયાળો શરૂ થતો હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. દિવસે જો કે હજુ પણ ગરમીનો અહેસાસ થાય છે. તડકામાં વધુ સમય રહેવાનું થાય તો પરસેવો પણ થાય છે. જો કે મોડી સાંજે થોડીક ઠંડક અનુભવાય છે. બફારો સાવ ઘટી ગયો છે. પંખાની સ્પીડ હવે ઓછી થવા માંડી છે.

શિયાળાની શરૂઆતના પગલે હવે મોટી સંખ્યામાં ગાંધીનગરાઓ વહેલી સવારે ચાલવા નીકળે છે. તો રાત્રે ચાલવા નીકળનારાઓની સંખ્યા સાવ ઓછી થઈ ગઈ છે. લોકો ખુબ વહેલા ઘરમાં પુરાઈ જાય છે. શિયાળાની શરૂઆતના પગલે હવે ધીમે ધીમે દિવસ નાનો થતો જાય છે અને રાત લાંબી થતી જાય છે. સૂર્યાસ્ત વહેલો થવા માંડતા સાંજે છ વાગે તો અંધારુ થવા માંડે છે. ગરમીથી પરેશાન એવા ગાંધીનગરાઓ હવે શિયાળાની શરૂઆતને માણી રહ્યા છે.

## ગ્રામસભા અંગે જિલ્લા તંત્રમાં મંથન

ગાંધીનગર, તા.૧૭

આગામી નવેમ્બર માસમાં નહિ આ અભિયાનમાં અધિકારીઓ માટે હાજરી ફરજીયાત કરવામાં અભિયાનને મળેલા નબળા પ્રતિસાદને પગલે તંત્રએ કરેલા મંથન જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ગ્રામસભા માટે ગામમાં દાંડી પિટાવી પ્રસાર કરવો તેમજ નોટીસ બોર્ડ પર તેની જાણ થાય તે રીતે દર્શાવવું એટલું જ નહિ ગામના જાહેર

● અનુસંધાન પાન-૭ પર

### ગ્રામસભા નો સમય સાંજનો રાખવા તેમજ આ સભામાં અધિકારીની હાજરી ફરજીયાત કરાશે : જિલ્લામાં ગ્રામસભા અભિયાનની નિષ્ફળતા બાદ અધિકારીઓની મંથન બેઠકમાં લેવાયેલા નિર્ણયો

યોજાનાર ગ્રામસભા અભિયાનનો સમય સાંજનો નિયત કરાશે એટલું જ આવશે.

જિલ્લામાં ગ્રામસભા બાદ આ અભિયાનમાં લાયઝન અધિકારીઓની સંખ્યામાં ૫૦ ટકા


## નવમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખ સામે જજુમ્યા પણ દુઃખથી કદી ડર્યા નહી, સંબંધોના વ્યવહાર કદી ચુક્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતા રહ્યા, મન માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

**સ્વ. દાનાજી ભેરાજી વણજારા (વડગામ) સ્વ. તા. ૧૭/૧૦/૨૦૦૫**

ગગન દાનાજી વણજારા (જી.ડી. વણજારા)
બાબા રામદેવ ટ્રેડર્સ
બાબા રામદેવ અર્થ મુવર્સ

ભગાજી દાનાજી વણજારા
જગદીશ દાનાજી વણજારા
તથા સમસ્ત વડાગામ
વણજારા પરિવાર

મુ. પો. વડાગામ, તા. ધનસુરા, જિ. અરવલ્લી


### નબળી કામગીરી માટે તલાટીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૧૭

સરદાર આવાસ યોજનાના અમલીકરણમાં ઉદાસીનતા દાખવનાર ગાંધીનગર તાલુકાના ૪૫ તલાટીઓને નોટીસ આપવામાં આવતાં પંચાયતી તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરદાર આવાસ યોજનાના લક્ષ્યાંકમાં છેલ્લા બે વર્ષથી કામોમાં ઉદાસીન વલણ દાખવવામાં આવ્યું હોવાથી આવા તલાટીઓને અલગ તારવી અને નોટીસ આપવામાં આવી છે.

પંચાયતમાં વેરા વસુલીની નબળી કામગીરી કરનાર ૭ તલાટીને પણ નોટીસ આપવામાં આવી છે. ગાંધીનગર તાલુકામાં તંત્રએ હવે પોતાની આળશ ખંખેરી અને નબળી વલુલાત તેમજ યોજનાકીય અમલીકરણમાં ઉદાસીનતા દાખવનારાઓ સામે નોટીસ પાઠવવાનું શરૂ કર્યું છે.


**જોઈએ છે**


એક જાણીતી કંપની માટે ફુલટાઈમ / પાર્ટટાઈમ કોમ્પ્યુટર ઓપરેટર્સ / ડેટા એન્ટ્રી ઓપરેટર્સ જોઈએ છે. M.S. Officeની જાણકારી હોય તેવા ઉત્સુક વ્યક્તિઓએ નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવો.

ફોન નં. : ૨૩૨૮૭૪૨૪/૨૬
મો. : ૯૪૨૭૬ ૧૩૨૩૯

Kanubhai (BRS.Agri) 98981 68699, 99982 07199
Jagdishbhai 98985 76899

**રોશની ગૃપ (ગાર્ડન કન્સલ્ટન્ટ)**

- Landscape Design & Execution
- Plant, Material Supply & Garden Services
- ફાર્મહાઉસ, પાર્ટી પ્લોટ, ક્રિકેટ ગ્રાઉન્ડ લોન, ગોલ્ફ ગ્રાઉન્ડ
- સ્પીન્કલર સીસ્ટમ, બંગલો, ઇન્ડીસ્ટ્રીયલ ગાર્ડન સ્પેશ્યાલિસ્ટ
- હોર્ટીકલ્ચર સર્વિસીસ (ઉપરોક્ત કામ માટે નીચેની ઓફીસે સંપર્ક કરો)



ગાંધીનગર: પ્લોટ નં.૧૧૨૧/૧, સેકટર ૪-બી, હનુમાનજી મંદિર

લગ્ન કંકોત્રી
50+15% Discount

જ્યારે અમારા શો-રૂમની આપ મુલાકાત લો ત્યારે...
૧. ક્વૉલિટી (ગુણવત્તા-તમારા સંતોષકારક કામની)
૨. કોન્ટીટી (તમારી જરૂરીયાત પ્રમાણે-હાજર સ્ટોકમાં)
૩. કોસ્ટ (અમદાવાદ કરતાં પણ ઓછા (વ્યાજબી) ભાવે)

હવે...અમદાવાદ જઇ સમય બગાડવાની જરૂર નથી.

લગ્ન કંકોત્રી, ઈન્વીટેશન કાર્ડ, મુંડન કાર્ડ, વાસ્તુ પૂજન કાર્ડ તેમજ પ્રિન્ટીંગ એક જ સ્થળે જેથી આપનો કિંમતી સમય બચે.

તમારી એક મુલાકાત કાયમનો સંતોષ.
તો ....એક મુલાકાત અવશ્ય લેશો....

**ક્વૉલિટી આર્ટ પ્રિન્ટરી**

પ્લોટ નં. ૯૦૦, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨ ૨૨૯૮૫ E-mail : quality.artprintery@gmail.com




MRF T&S is equipped with

- Entire Range of Your Favorite MRF Tyres.
- Computerised Wheel Alignment.
- Computerised Wheel Balancing.
- Automatic Tyre Changing.
- Air Conditioned Comfort.
- MRF Trained Service Personnel.
- Nitrogen Air.
- Rim Straightner.

MRF TYRES AND SERVICE FRANCHISEE
AMBICA TYRES
Ph.23240507, 23249507 Mo.9998060060
Plot No. 996/2, Sector-5, Pathikashram- Vavol Road Gandhinagar.
Email :ambica2004@gmail.com

CHOCOLATE & COOKIE GIFT PACKS & BOMBASTIC CHOCOLATES



KABHI B bakery & patisserie
KABHI B BAKE STUDIO

infocity, gandhinagar m : 85111 74752
tcs, gandhinagar 8347828191
district shopping center, sec.21, gandhinagar m : 85111 07630